# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી 2 દિવસ રાજ્યના પ્રવાસે - રાજકોટ **એઇમ્સના** પદવીદાન સમારોહને સંબોધતાં રાષ્ટ્રપતિએ ભવિષ્યના તબીબોને આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજીકલ પ્રગતિને સ્વીકારની સાથે માનવીય સંવેદનાની અકબંધ રાખવા અપીલ કરી.

2) સરકાર ઘરેલુ ઉપયોગ માટે LPGનો 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે.

3) **રાજ્યમાં આગામી 26 તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે ઉમેદવારીપત્રોની આજે ચકાસણી થઈ.**

4) રાજ્યમાં આગામી 7 દિવસ મહત્તમ તાપમાન યથાવત રહેવાની શક્યતા– **અમદાવાદ મહાનગરપાલિકાએ કાર્યયોજના જાહેર કરી.**

5) **રાષ્ટ્રીય સ્તરની I.D.E.ની તાલીમ શિબિરમાં ગાંધીનગરની સરકારી પૉલિટેક્નિકના વિદ્યાર્થીઓનું ઉત્તમ પ્રદર્શન.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PREZ – MURMU RAJKOT AIIMS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભવિષ્યના તબીબીને આરોગ્ય ક્ષેત્રે ટેકનોલોજીકલ પ્રગતિને સ્વીકારવાની સાથે જ માનવીય સંવેદનાને અકબંધ રાખવા હાકલ કરી છે. આજે AIIMS રાજકોટના પદવીદાન સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો હતો કે તબીબી ટેકનોલોજી નોંધપાત્ર રીતે પ્રગતિ કરી છે, પરંતુ તબીબી વ્યવસાયનો મુખ્ય ભાગ કરુણા રહેલો છે. તેમણે યુવા વ્યાવસાયિકોને લોકોના વિશ્વાસને જાળવી રાખવા અપીલ કરી.

(બાઇટ- રાષ્ટ્રપતિ)

રાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે તબીબોનું વર્તન અને સંદેશાવ્યવહાર ઉપચાર પ્રક્રિયામાં તેમની ક્લિનિકલ કુશળતા જેટલું જ મહત્વનું છે. સૌરાષ્ટ્રમાં AIIMS રાજકોટની ભૂમિકાને બિરડાવતા તેમણે ખાસ કરીને સંસ્થાને સ્થાનિક આરોગ્યસંભાળ પડકારોના ઉકેલો શોધવા અનુરોધ કર્યો. જેમાં આદિવાસી સમુદાયોમાં પ્રચલિત સિકલ સેલ એનિમિયાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે બધા માટે ગુણવત્તાયુક્ત અને સુલભ આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવા માટે સંશોધન અને વિકાસમાં AIIMS જેવી સંસ્થાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

(બાઇટ- રાષ્ટ્રપતિ)

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પણ નૈતિક આચરણના મહત્વ પર ભાર મૂકતાં વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી દરમિયાન પ્રામાણિકતાના મૂલ્યોને જાળવી રાખવા અપીલ કરી. આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમારંભ દરમિયાન, રાષ્ટ્રપતિએ બે MBBS વિદ્યાર્થીઓને

ગોલ્ડ મેડલ એનાયત કર્યા, સમારોહમાં પચાસ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

# INTER -MINISTERIAL BRIEFING

સરકાર ઘરેલુ ઉપયોગ માટે LPGનો 100 ટકા પુરવઠો સુનિશ્ચિત કરી રહી છે અને દેશમાં કોઈપણ LPG વિતરક પાસે ઘરેલું ગેસની અછતના કોઈ અહેવાલ નથી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય વાર્તામાં જણાવ્યું કે દેશભરમાં ઘરેલુ LPG પુરવઠો સામાન્ય છે. કોઈ પણ ચેડાં અટકાવવા માટે OTP-આધારિત સ્થાનિક LPG વિતરણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. વાણિજ્યિક LPG પુરવઠો 70 ટકા પર પુનઃસ્થાપિત કરાયો છે. પશ્ચિમ એશિયા સંકટને કારણે પુરવઠા શ્રૃંખલાના વિક્ષેપોને રોકવા માટે સરકારે પગલાં લીધા છે.

બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે પર્શીયન ખાડી ક્ષેત્રમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે. ભારતીય ધ્વજવાળું વધુ એક જહાજ જગ વિક્રમ 20 હજાર 400 મેટ્રિક ટન LPG અને 24 ખલાસીઓને લઈને, આવતીકાલે રાજ્યના કંડલા બંદરે પહોંચવાની અપેક્ષા છે.

# STATE LOCAL ELECTIONS UPDATE

રાજ્યભરમાં આગામી 26 એપ્રિલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના ઉમેદવારોના ઉમેદવારીપત્રોની આજે ચકાસણી કરવામાં આવી. રાજકીય પક્ષોએ પણ મતદારોને રિઝવવા કવાયત હાથ ધરી છે.

અરવલ્લીમાં ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષોએ મતદારોનો સંપર્ક શરૂ કર્યો. જિલ્લામાં 236 બેઠક માટે 962 જેટલા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

(VOICECAST: ANKIT CHAUHAN)

મહીસાગરમાં મામલતદાર કચેરી ખાતે સંતરામપુર તાલુકા પંચાયતની 24 બેઠકમાંથી 12 બેઠકના ઉમેદવારીપત્રની ચકાસણી કરવામાં આવી. દરમિયાન ખેડપા તાલુકા પંચાયતમાં આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર સંગીતા પારગીનું ઉમેદવારીપત્ર રદ કરાયું છે. આ અંગે સંતરામપુરના મામલતદાર આઈ પી પઠાણે વધુ માહિતી આપી.

(BYTE : I.P. PATHAN)

તો, ભાવનગરમાં કોલેજમાં ભણતાં 22 વર્ષના આર્ચી કુકડિયાનાં મહાનગરપાલિકાની ચૂંટણી માટે ટિકિટ અપાઈ છે. BCA ડેટા સાયન્સનાં વિદ્યાર્થિની અને ઉમેદવાર આર્ચી કુકડિયા વોર્ડ નંબર 11 કાળિયાબીડ સીદસર વોર્ડમાંથી કોંગ્રેસનાં ઉમેદવાર હશે.

ભાવનગર મહાનગરના 13 વૉર્ડની 52 બેઠક માટે કુલ 228 ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યાં. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, ટિકિટ ફાળવણીમાં પાયાના કાર્યકર્તાઓને બદલે માનીતાઓને સ્થાન અપાતા જૂના જોગીઓ નારાજ હોવાનું જણાયું છે. જોકે, બુધવારે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના છેલ્લા દિવસે કેટલા ઉમેદવાર મેદાનમાં છે તે ચિત્ર સ્પષ્ટ થશે.

નવસારીમાં ગણદેવી નગરપાલિકાની ચૂંટણીમાં સત્તાવાર મૅન્ડેટ સમયસર ન પહોંચાડનારા કૉંગ્રેસના 18 જેટલા ઉમેદવારના ઉમેદવારીપત્ર રદ કરાયા હતા. જોકે, ત્રણ અપક્ષ ઉમેદવાર હજી મેદાનમાં છે. જો ઉમેદવારી પરત ખેંચવાના દિવસે બુધવારે અપક્ષ ઉમેદવારો પણ ઉમેદવારી પરત ખેંચશે તો ગણદેવી નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર બિનહરિફ વિજેતા જાહેર થશે, તેમ અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે.

ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જુનાગઢના ગ્રામ્ય વિસ્તારની મુલાકાત લઈ બૂથ કાર્યકર્તાઓને અને મતદારોને સંબોધન કર્યું. જૂનાગઢ જિલ્લા પંચાયતની 30 અને નવ તાલુકા પંચાયતની 158 બેઠક પર યોજાનારી ચૂંટણી માટે તેમણે કેશોદ તાલુકાના અગતરાય અને મેંદરડા તાલુકાના સમઢિયાળી અને ભેંસાણ ખાતે કાર્યાલયનું ઉદ્ઘાટન કરી કાર્યકરો સાથે સંવાદ કર્યો હતો.

# DGP ON ELECTION

રાજ્ય પોલીસ વડા ડૉક્ટર કે. એલ. એન. રાવે આણંદમાં ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટેની તૈયારીઓ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ડૉક્ટર રાવે સ્થાનિક પોલીસ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ – CAPF અને રાજ્ય અનામદ પોલીસ દળ – SRPFના જવાનોની તહેનાતી અંગે ચર્ચા કરી હતી.

તેમણે રાજ્ય પોલીસ મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓ યોજવા સલામત વાતાવરણ પૂરું પાડવા સંકલ્પબદ્ધ હોવાનું જણાવ્યું. સાથે જ ડૉક્ટર રાવે સોશિયલ મીડિયા દ્વારા અફવા ફેલાવનારા લોકો સામે સાયબર ટુકડીને સતત સક્રિય રહેવા અને ચૂંટણી પ્રક્રિયામાં ખલેલ પહોંચાડતી સામગ્રી સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યા હતા.

# VALSAD FISHERMEN RETURN

ઈરાનથી પરત આવેલા 70થી વધુ માછીમારોનું વલસાડના કલેક્ટરે સ્વાગત કર્યું. માછીમારોના પરિવારજનોએ તેમની સ્થિતિ અંગે કરેલી રજૂઆતને ધ્યાનમાં રાખી કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયાસથી તેઓ વતને પરત આવ્યા છે. માછીમારોએ પણ આ અંગે ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ અંગે એક માછીમારે પ્રતિક્રિયા આપી.

(BYTE: FISHERMAN)

# STATE WEATHER UPDATE

રાજ્યમાં આગામી સાત દિવસ હવામાન સૂકુ રહેશે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આ સમયગાળા દરમિયાન મહત્તમ તાપમાનમાં ફેરફારની શક્યતા નહીંવત્ છે. જ્યારે ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ રહેવાની સંભાવના છે. દરમિયાન આજથી ત્રણ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા પણ સૂચના અપાઈ હોવાનું શ્રી દાસે ઉમેર્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન રાજકોટમાં, જ્યારે અમદાવાદ, ભુજ, સુરેન્દ્રનગર અને કંડલા બંદર પર 41 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

# AMC HEAT ACTION PLAN

અમદાવાદમાં આવતીકાલથી 20 તારીખ સુધી સવારે સાડા આઠ વાગ્યા સુધી આકરી ગરમીની શક્યતા હોવાથી મહાનગરપાલિકા દ્વારા ગરમી અંગેની કાર્યયોજના જાહેર કરવામાં આવી છે. તે અંતર્ગત મહાનગરપાલિકા દ્વારા જે-તે વિસ્તારના મહત્તમ તાપમાનને આધારે દર ત્રણ દિવસ માટેના હોટસ્પોટ વિસ્તારો અને મહત્તમ તાપમાનની માહિતી માટેની વેબસાઈટ લિન્ક અને QR CODE તૈયાર કરાયા છે, જેન દર ત્રણ દિવસે અપડેટ કરાશે.

હોટસ્પોટ વિસ્તારોમાં આવેલી શાળાઓ, આંગણવાડી, બાંધકામની જગ્યાઓ, ઉદ્યોગો, કડિયાનાકામાં ORS તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા વિશેષ આરોગ્યલક્ષી કામગીરી કરાય છે. ઉપરાંત સેવાભાવી સંસ્થાઓની મદદથી શહેરમાં એક હજાર 300થી વધુ પાણીની પરબ શરૂ કરવામાં આવી છે. તે પૈકી 200થી વધુ ભીડભાડવાળા વિસ્તારમાં આવેલા છે.

# AMD IDE BOOTCAMP

ગાંધીનગરની સરકારી પૉલિટેક્નિકના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે યોજાયેલી નવીનતા, ડિઝાઈન અને ઉદ્યોગસાહસિકતા – I.D.E.ના બૂટકૅમ્પ એટલે કે, તાલીમ શિબિરની ત્રીજી આવૃત્તિના પ્રથમ તબક્કામાં ઉત્તમ પ્રદર્શન કર્યું. અમદાવાદમાં ભારતીય ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન – E.D.I.I. ખાતે યોજાયેલી શિબિરમાં વિદ્યાર્થીઓએ "બેસ્ટ આઈડિયા પિચિંગ એવૉર્ડ" મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

શિક્ષણ મંત્રાલય દ્વારા છ થી 10 એપ્રિલ સુધી યોજાયેલી શિબિરમાં વિદ્યાર્થીઓએ ડિઝાઇન અંગેના વિચાર, નવીનતા, સ્ટાર્ટઅપ આઈડિયા ડૅવલપમેન્ટ, બિઝનેસ મૉડેલ અને પ્રેઝન્ટેશન કૌશલ્ય જેવી વિવિધ ક્ષમતાઓમાં તાલીમ મેળવી હતી. ઉપરાંત તેમણે  આઈ–હબ રાજ્યની મુલાકાત લઈને સ્ટાર્ટઅપ માળખા અંગે પ્રાથમિક સમજ તથા સાબરમતી આશ્રમની મુલાકાત દ્વારા નેતૃત્વ, સાદગી અને આત્મનિર્ભરતા જેવા મૂલ્યોનો સંદેશ મેળવ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

DESK